# ઈન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન, આકયુ, આણંદ ખાતે ઈનપુટ ડિલરોનો પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો

ઈન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે તા.૧૫/૦૬/૨૦૧૮ ને શુક્રવારના રોજ સવારે ૧૦:૪૫ કલાકે વર્ષઃ ૨૦૧૭–૧૮ ની છઠ્ઠી બેચના ઈનપુટ ડિલરોનો ડિપ્લોમાનો એક વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ થતા પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ આણંદ કૃષિ યુનિવર્સિટીની ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી કોલેજના ઓડિટોરિયમ હોલમાં યોજવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજયના કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી સંજય પ્રસાદ (IAS) ઉપસ્થિત રહી ઈનપુટ ડિલરોને આધુનિક સંશોધનોથી વાકેફ રહે તેવા અભ્યાસક્રમો યુનિવર્સિટીને શરૂ કરવાનું જણાવ્યું. કૃષિ યુનિવર્સિટીઓ ધ્વારા તૈયાર કરવામાં આવતા સુધારેલા બિયારણો, બાયો ફર્ટીલાઈઝર્સ, બાયો પેસ્ટીસાઈડસ વગેરેની ડિલરશીપ માટે ઈનપુટ ડિલરોના માધ્યમથી ખેડૂતો સુધી પહોંચાડવાના પ્રયત્નો કરવા જોઈએ. તેઓએ જણાવ્યુ કે સોઈલ હેલ્થ કાર્ડના માધ્યમથી જમીન, પાણી, ખાતર વગેરે અંગે ખેડૂતોને વ્યકિતગત માર્ગદર્શન પુરૂ પાડીને ઈનપુટ ડિલરોએ સામાજીક કાર્ય કરવું જરૂરી છે.

ઈનપુટ ડિલરોએ એગ્રો સર્વિસ સેન્ટરની સ્થાપના કરી ખેતીલાયક જમીન વાવેતર વગર પડી રહે છે, તેને જુદા જુદા પાકોના વાવેતર હેઠળ લાવવા પ્રયાસો કરવા જોઈએ. આમ કરીને ડિલરોએ ખેડૂતોના વિકાસમાં સહયોગી બનવાના પ્રયાસો કરવા જરૂરી છે.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી આણંદ કૃષિ યુનિવર્સિટના માન. કુલપતિશ્રી ડો. એન. સી. પટેલે ઈનપુટ ડિલરોને આવકારતા જણાવ્યું કે ખેડૂત તરીકે હું પણ ખેતીનો અનુભવ ધરાવું છું. ઈનપુટ ડિલરોએ ખેડૂતો સાથે આત્મીય સંબધો બાંધીને નૈતિક મૂલ્યોથી પોતાના ધંધા રોજગાર વિકસાવવાં જોઈએ. ઈનપુટ ડિલરોએ વસુધૈવ કુટુંબની ભાવના કેળવી તેને ચરિતાર્થ કરવાના પ્રયત્નો કરવા જોઈએ. આગામી સમય ખેતીમાં સર્વિસ સેન્ટરનું મોટું યોગદાન રહેનાર છે. ઈનપુટ ડિલરોએ પોતે જે ખેતી વિષયક ઈનપુટસ ઉત્પાદકો પાસેથી ખરીદે છે તેની ગુણવત્તા ઉપર ખૂબ જ ભાર મૂકવો જરૂરી છે. ભળતા બિયારણો, ખાતરો, જંતુનાશક દવાઓ વગેરેની ગુણવત્તાની ચકાસણી કરીને ખેડૂતોને વેચાણ કરવા ઉપર તેઓશ્રીએ ભાર મૂકયો.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજયના ખેતી નિયામકશ્રી બી. એમ. મોદી ઉપસ્થિત રહયા હતા. તેઓએ ખેડૂતોની આવક આગામી પાંચ વર્ષમાં બમણી કરવા ઉપર ભાર મૂકતાં જણાવ્યું કે, જો ખેડૂતોની આવક બમણી થશે તો ઈનપુટ ડિલરોની આવક આપોઆપ બમણી થઈ જશે. ઈનપુટ ડિલરોએ ખેડૂતોમાં સારી ગુણવત્તાવાળા ઈનપુટસની સાથે તેના વપરાશ અંગેની સમજ આપવી જોઈએ. જેમકે ડાંગર પાકમાં યાંત્રિકરણ કરવાથી ફેરરોપણીનો ખર્ચ ઘટાડી શકાય છે અને ૩૦% જેટલું વધુ ઉત્પાદન મેળવી શકાય છે, તેવું તેઓએ જણાવ્યું.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ આણંદ કૃષિ યુનિવર્સિટના સંશોધન નિયામકશ્રી ડો. કે. બી. કથીરીયાએ જણાવ્યું કે ઈનપુટ ડિલરોને આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ મેળવેલ સર્ટીફીકેટ તેઓના લાઈસન્સ રીન્યુઅલ કરવા માટે જરૂરી છે. આ અભ્યાસક્રમ માટે ડિપ્લોમાને અનુકુળ જરૂરી વિષયવસ્તુ આણંદ કૃષિ યુનિવર્સિટી ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે. ઈનપુટ ડિલરોને તેનું શિક્ષણ આણંદ કૃષિ યુનિવર્સિટીના ખૂબ જ અનુભવી પ્રાધ્યાપકો અને વૈજ્ઞાનિકો ધ્વારા આપવામાં આવે છે.

આ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો. અરૂણ પટેલ પણ ઉપસ્થિત રહયા હતા. તેમણે જણાવ્યું કે, મોટા ભાગે ખેડૂતો ખેતી વિષયક માહિતી ઈનપુટ ડિલરો પાસેથી મેળવતા હોય છે. એટલે ખેડૂતોને ખેતી વિષયક માર્ગદર્શન આપવામાં ઈનપુટ ડિલરોનો મહત્વનો ફાળો રહેલો છે.

કાર્યક્રમની શરૂઆતમાં મહાનુભવોના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું. ઈન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એજયુકેશનના નિયામકશ્રી ડો. સી. પી. દેસાઈ એ શરૂઆતમાં ઉપસ્થિત તમામ મહાનુભવો તેમજ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરી આવકાર્યા. આ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના યુનિવર્સિટી ઓફીસર્સ, જુદી જુદી વિદ્યાશાખાના આચાર્યશ્રીઓ અને ડીનશ્રીઓ, જુદા જુદા વિભાગના વડાઓ, યુનિટ–સબ યુનિટના વડાઓ, વૈજ્ઞાનિકો, પ્રાધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં ઈનપુટ ડિલરો ઉપસ્થિત રહયા હતા.

અંતમાં ડો. એ. આર. મકવાનને આભાર વિધી કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો.












for
Diploma in Agricultural Extension Service
Held On
15/06/2018


for
Held On
15/06/2018
Dr. K.B.Kathiria




Dr. N.C.Patel


Shri B. M. Modi


Dr. K.B.Kathiria
Dr. C.P.Desai
Director (IDEA)


for
Diploma in Agricultural Extension Services
Dr. K.B.Kathiria
Dr. C.P.Desai
Director (IDEA)












INSTITUTE OF DISTANCE EDUCATION
DIRECTORATE OF RESEARCH & DEAN, PG STUDIES
ANAND AGRICULTURAL UNIVERSITY
Certificate Distribution & Orientation Programme
for
Diploma in Agricultural Extension Services for Input Dealers (DAESI)